# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**
વર્ષ : ૧૮ અંક : ૨૧૪

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩
માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪
સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧
સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨
*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-

''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

કચ્છી મિત્ર મંડળના પરિવારજનો જોગ,

ઉનાળાની ગરમી, ઈલેક્ટ્રીક, પાણી વિગેરેની તકલીફો સાથે સંજોગો પ્રમાણે રહેવુ પડશે. આપણા પુર્વ પ્રમુખ/મે.ટ્રસ્ટી શ્રી ધીરજભાઈ ટોકરશી કાપડિયાનું અચાનક નિધન થવાથી સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે. ઈશ્વર એમના આત્માને શાંતી પ્રદાન કરે તેવી ટ્રસ્ટ મંડળ/ સમાજ પરિવારો તરફથી પ્રાર્થના.

શાળા / કોલેજોમાં પરિક્ષા પૂર્ણ થઈ હવે દેશમાં વિદેશમાં પર્યટન જવાની તૈયારીમાં હશો. જાુન મહીના સુધી વર્ષાૠતુ ની મહેર થાય તો દરેક કાર્યો કરવા તથા કિસાનોને રાહત મળશે. મંડળની દરેક પ્રવૃત્તીઓ સારી રીતે ચાલે છે. નવી કારોબારીની ચુંટણી સંજોગો પ્રમાણે જાુન મહિનાંમાં કરવામાં આવશે યુવા વર્ગ આગળ આવી મંડળની દરેક પ્રવૃતિઓને વેગ આપવામાં સાથ આપે એવી ભાવના સાથે સૌને જયજીનેન્દ્ર.

---

❖ તમારો પૈસો અને ભણતર તમને સગવડો અને કદાચ માનપાન આપશે, પરંતુ મા-બાપની નિસ્વાર્થ સેવા તમને ચોક્કસ સુખ આપશે.

❖ કોઈ ટીકા કરે તેનાથી ગુસ્સે થતા નહિ, તમારી જાતનું નિરિક્ષણ કરજો કદાચ તમને કોઈ નવો રસ્તો મળી જાય ! ટીકાકારો તમારા જીવન માર્ગના આપરાધોનું દર્શન કરાવનારા છે. તેમને ઉપકારી માની અવરોધને દૂર કરવા પ્રયત્ન કરજો.

❖ ઈષ્ટ દેવને નિત્ય પ્રાર્થના કરો અને તે પ્રાર્થના સકલ જગતના જીવો માટે કરો તેમાં તમારો પણ સમાવેશ થઈજ જાય છે.

---

## સુખ હોય કે દુઃખ - આનંદથી સ્વીકારો

**જિંદગી મળવી એ નસીબની વાત છે. મૃત્યુ મળવું એ સમયની વાત છે. પણ મૃત્યુ પછી પણ કોઇના હૃદયમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મની વાત છે... પોતાના વગર દુનિયા અટકી પડશે એવું માનનારાઓથી કબચે ભરેલી છે. કોણ કહે છે ભગવાનના ઘરે અંધેર છે. સુખ અને દુઃખ તો ઇશ્વરની પ્રસાદી છે. બાકી તો માનવીની સમજ સમજમાં ફેર છે.**

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

# NO DONATION

## Admissions Open Limited Seats

## Shri Kutchchi Mitra Mandal

President
Dhanji Sawla
Secretary
Amritlal Nisar

Sanchalit
**Shantaben Hirji Kanji Gosar**
**Amrat - Kavita Kapadia Bhavan**

Managing Trustee
Harilal Sawla
Correspondent
Vipul Nisar

# Shanti PRIMARY SCHOOL

Govt.Recognized - RC. No. 1947/AF/ETR 2011

# 3-4-1013/5, Rajendra Nagar Colony, Lane. Opp to Kachiguda Railway Station
Barkathpura, Hyderabad- 500 027 **Tel : 27 56 64 77**
E-mail - **kmmshkg.shantiprimaryschool@gmail.com**



## SALIENT FEATURES

1. CLASSES FROM NURSERY TO V
2. SPACIOUS AND AIRY CLASS ROOMS
3. WELL QUALIFIED, TRAINED AND EXPERIENCED TEACHERS.
4. NURSERY SECTION-EQUIPPED WITH THE NECESSARY FURNITURE, TOYS & PLAY MATERIALS.
5. A NICE PLAY GROUND WITH ITEMS LIKE SEE-SAW, RAINBOW LADDER, SLIDE & MERRY-GO-ROUND.
6. A HOME PROJECTOR FOR ALL CLASSES TO VIEW EDUCATIVE FILMS & CARTOONS.
7. EXTRA CURRICULAR ACTIVITIES IN THE SCHOOL ARE DANCE, YOGA GAMES CRAFT EDUCATIONAL AND RECREATIONAL TOURS.
8. LIBRARY ROOM - TO INCULCATE THE READING HABIT IN EVERY STUDENT.
9. EACH CHILD IS GIVEN OPPORTUNITY TO COMPULSORY PARTICIPATE IN THE IMPORTANT EVENTS LIKE ANNUAL/SPORTS DAY, SCIENCE EXHIBITION ETC.

**For Admission contact school office at Above Address between 10 am to 1 pm on weekdays**



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

માર્ચ મહિનો પૂરો થતાં વ્યવસાયી વર્ગ ગત વર્ષનાં હિસાબો તથા લેખાજોખા પૂરા કરી મુક્ત થયા હશે.

એપ્રિલ મહિનો ખૂબજ દુઃખદ રીતે શરૂ થયો. આપણાં ટ્રસ્ટી અને માજી પ્રમુખ શ્રી ધીરજલાલભાઈ ટોકરશી કાપડિયાનું અવસાન થતાં ચોમેર ગમગીની છવાઈ ગઈ. લગભગ પચાસેક સંસ્થાઓ સાથે સેવાકાર્યોથી જોડાયેલા, તન-મન-ધનથી ઓતપ્રોત, દિલાવર અને મૂઠી-ઊંચેરા વ્યક્તિ તરીકેની એમની ઓળખ હતી.

પિતાશ્રી શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયાનાં પંથે ચાલતા, અબાલ-વૃધ્ધ દરેકનાં હૃદયમાં વસી ગયેલા શ્રી ધીરજલાલભાઈ પોતાનું નામ અમર કરી ગયા.

સેવા કાર્યોની દરેક દિશામાં શ્રીમતિ લિલમબેન તથા એમનાં સુપુત્ર શ્રી સુશીલભાઈનો પૂરેપૂરો સહયોગ રહ્યો છે. ભવિષ્યમાં પણ પુત્ર-પિતાની કેડીએ ચાલી એમના પૂરોગામી બનીને બંનેનો સહયોગ મળતોજ રહેશે અને એમની ઈચ્છાઓ પૂર્ણ કરશેજ એવો દૃઢ વિશ્વાસ છે, અને એજ એમને અર્પિત કરેલી સાચી શ્રધ્ધાંજલી છે.

કુટુંબીઓ પર આવી પડેલા દુઃખને સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

૩૧ માર્ચના દિવસે શ્રી કચ્છી મિત્ર મંડળ, શ્રી ડુંગરશી રવજી મારૂ ટ્રસ્ટ, અને લાયન્સ ક્લબ ઓફ હૈદ્રાબાદ ઈસ્ટ ત્રણે સંસ્થાઓના સહયોગથી બાળકો અને સ્ત્રી-રોગ તપાસની શિબિર યોજવામાં આવી. જેનો લાભ લગભગ ૮૦ થી ૯૦ વ્યક્તિઓએ લીધો. સંચાલક શ્રી કીર્તીભાઈ તથા તેમના સહ કાર્યકર્તાઓનો આભાર તથા અભિનંદન.

આપણી માતૃ-ભાષા ગુજરાતીનાં વર્ગો તા. ૬-૪-૨૦૧૩ થી શરૂ કરવામાં આવશે. દરેકને લાભ લેવા વિનંતિ. વિસ્તૃત જાણકારી અન્યત્ર આપેલ છે.

ભવનમાં દરરોજ સવારે રમત-ગમતનાં કાર્યક્રમો ચાલી રહ્યા છે. વેકેશનનાં સમય દરમ્યાન સર્વેને ખેલ-કૂદનો લાભ તથા આનંદ લેવા વિનંતિ.



## શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર સાયલા**
સહ સંચાલક : **દામજી માવજી સાવલા**

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા, હૈદરાબાદ આયોજીત શ્રી ભાંડકજી તીર્થ યાત્રાનો કાર્યક્રમ શનિવાર તા. ૨૯-૬-૨૦૧૩ હૈદરાબાદ થી પ્રસ્થાન કરી વહેલી સવારે ભાંડકજી તીર્થ ક્ષેત્રે તા. ૩૦-૬-૨૦૧૩ રવિવારે પહોંચશું. સંપૂર્ણ દિવસ ભાંડકજી માં ધર્મ આરાધના કરી તેજ દિવસે હૈદરાબાદ માટે પાછા ફરશું. સોમવાર તા. ૧-૭-૨૦૧૩ ના વહેલી સવારે હૈદરાબાદ આવીજશું. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦/- રાખવામાં આવેલ છે. નામો નોધવાની છેલ્લી તારીખ ૩૦-૪-૨૦૧૩ છે.

શાંતીવન સમિતિના સભાસદો ને ઊપરોક્ત યાત્રામાં જોડાવવા ભાવભર્યુ આમંત્રણ છે. સમિતી વતી યોગ્ય રાહત મેળવવાના પ્રયત્ન ચાલુ છે. નક્કી થતા વધારાના પૈસા યાત્રા પૂર્ણ થયા બાદ પાછા આપવામાં આવશે.

આવી સુંદર તકનો લાભ લેવાનું ચુકશો નહી.

# શ્રધ્ધાંજલિ



• જન્મ ભૂમિ •
**બર્મા**

• માતૃભૂમિ •
**પત્રી, કચ્છ**

• કર્મભૂમિ •
**હૈદરાબાદ**

• દેહ આગમન •
**૭-૮-૧૯૩૮**

• દેહ વિલય •
**૧-૪-૨૦૧૩**

• જીવન સફર •
**ઉ.વ. ૭૫**

## સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા

જેમના દ્વારા જીવનનું ઘડતર થયું, જેઓ ઘર, કુટુંબ, સમાજ, ગરીબો, જરૂરતમંદો, દર્દીઓ અને લોક કલ્યાણ માટે આયખું સમર્પિત કર્.યું. સૌના હૈયે જેમનું નામ રમતું્ પર માટે જન્મ લેનાર આવા વિરલ આત્માના ચરણે નત મસ્તકે વંદના. આવા દિવ્ય આત્માને હે પરમાત્મા આપના સાનિધ્યમાં પરમ શાંતિ આપજો એવી અમારી હૃદયભીની પ્રાર્થના.

સમગ્ર જીવનમાં સૌ પ્રત્યે સ્નેહ સદ્ ભાવના ધરાવનાર સૌમ્યશીલ સ્વભાવી અમારા પરિવારના વાત્સલ્યમૂર્તિ આ મહાન આત્મા સ્વ. અમૃતબેન તથા સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડિયાના પનોતા પુત્ર શ્રી ધીરજલાલના તા. ૧-૪-૨૦૧૩ સોમવારના ટૂંકી માંદગી બાદ અણધાર્યા નિધનથી અમે હતભ્રત બન્યા છીએ. એમની વસમી વિદાય થઈ અમારા ઉપર વિષાદના વાદળો તુટી પડ્યા, અમારા પરિવાર પર આવી પડેલ આ આફતની વેળાએ સદ્ગતથી ની અંતિમયાત્રા, પ્રાર્થના સભામાં સહાયરૂપ બનનાર માનવમિત્રના સભ્યો, કાર્યકરો તથા યત્રો, ફોન, ઈમેલ દ્વારા અને રૂબરૂમાં અમને દિલાસો આપનારા સદ્ગતથી પ્રત્યે સ્નેહની લાગણી દર્શાવનાર સૌ સગા - સંબંધીઓ, મિત્રો, હેતુ સંતોષીઓ, સદ્ગત શ્રી સાથે સંસ્થાઓ માં સહભાગી રહેનાર એમના સાથી કાર્યકરો તથા આપ સર્વે નો અંતકરણ થી આભાર માનતા ભાવ વિભોર બન્યા છીએ.

આપ સૌ. અમારી અભિવંદના સ્વીકારશોજી.

લિ. **સ્વ. અમૃતબેન ટોકરશી લાલજી કાપડિયા પરિવાર**

ગામ : પત્રી - કચ્છ

(જા.ખ.)

## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

અનેકવાર મંડળના પ્રમુખ તેમજ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રહેલ, આપણા માનનીય **શ્રી ધીરજભાઈ ટોકરશી કાપડિયાનું** સ્વર્ગવાસ તા. ૧-૪-૨૦૧૩ ના થયેલ છે. તેમના આત્માની શાંતિ માટે આયોજીત પ્રાર્થના સભા તથા શ્રધ્ધાંજલિ સભા પણ ૩-૪-૨૦૧૩ ના રાખવામાં આવેલ.

શ્રીયુત ધીરજભાઈથી મંડળના કોઈ સભ્ય અપરિચિત હોઈ શકે ? પણ તેમને શ્રધ્ધાંજલિ આપવા માટે મળેલ સભામાં અનેક સંસ્થાઓના પ્રતિનિધીઓના તેમના માટેના અનુભવો વ્યક્તિગત વિચારો સાંભળતા તેમના વ્યક્તિત્વ વિષેના અનેક પાસાઓ ઉજાગર થયા, જે આપણે નહોતા જાણતા. સ્વભાવે શાંત, સાલસ તથા સામાન્ય વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિનું વ્યક્તિત્વ આટલું ઉચું હશે તે જાણી અહોભાવ જાગે.

જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે. કોણ કેટલું જીવ્યું તે મહાત્વનું નથી પણ કેવું જીવ્યા તે મહત્વનું છે. સદ્‌ગત શ્રી ધીરજભાઈ એ ખરેખર જીવન જીવી જાણેલ છે.

---

# જૈન (કાસ્ટ) માયનોરિટી સર્ટિફિકેટ

જાન્યુઆરી, ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૩ ના નિયાપોમાં જાહેર કરેલ વિગતના અનુસંધાનમાં જણાવવાનું કે ગવર્નમેન્ટ ઓફ આંધ્ર પ્રદેશ માયનોરિટીસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડેલ ઓર્ડર મૂજબ જૈન સમાજને ધાર્મિક માયનોરિટી તરીકે માન્યતા આપતો જી.ઓ. તા. ૮-૩-૨૦૧૧ ના બહાર પાડેલ જેમાં હમણાં ફક્ત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટમાં માયનોરિટીના તમામ ફાયદાઓ ઉપલબ્ધ થશે. હમણાં ખાસ કરીને હાયર સેકન્ડરી અને ઉપરના વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ફાયદો મળી શકશે.

અરજી પત્રક ભર્યાબાદ સમાજમાંથી બોનાફાઈડ CAST સર્ટિફિકેટ્સ મેળવી પોતપોતાના એરિયાના એમ.આર.ઓ./તેહસીલદાર ની ઓફિસમાંથી જરૂરી પેપરવર્ક/ કાર્યવાહી કર્યા બાદ ઓરિજિનલ JAIN CAST સર્ટિફિકેટ મેળવી શકાશે. આ પ્રક્રિયાનો ખર્ચ અરજદારે પોતે ભોગવવાનો રહેશે.

**❖ વધુ માહિતિ માટે સંપર્ક ❖**

| | |
|---|---|
| **પંકજ વલ્લભજી સાવલા** | **દિનેશ કલ્યાણજી ગોસર** |
| **૯૩૯૪૫ ૫૩૧૫૪** | **૯૩૯૧૧ ૯૯૦૧૧** |
| **૮૦૯૯૯ ૬૬૬૬૫** | **૯૨૪૬૧ ૯૯૦૧૧** |

## કચ્છી વિશા ઓસવાલ સમાજ, આંધ્રપ્રદેશ

# સેવામૂર્તિ પ્રમુખશ્રી ને શ્રધ્ધાંજલિ



| | |
|---|---|
| જન્મભૂમિ<br>બર્મા | જન્મ<br>૦૭-૦૮-૧૯૩૮ |
| માતૃભૂમિ<br>પત્રી - કચ્છ | સ્વર્ગવાસ<br>૧-૪-૨૦૧૩ |
| કર્મભૂમિ<br>હૈદરાબાદ | ઉંમર<br>૭૫ |

## સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા

"શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ, આંધ્ર પ્રદેશ" ના મુખ્ય આધાર સ્તંભ, વાત્સલ્ય પ્રેમી, દાનવીર એવા સમાજના પ્રમુખ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ના તા. ૧-૪-૨૦૧૩ ના અણધાર્યા દુ:ખદ નિધનથી સમાજ ને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

પિતાશ્રી ટોકરશી લાલજી કાપડિયા ના પગલે કદમ ચાલી હૈદરાબાદ - સિકન્દ્રાબાદ, માદરે વતન પત્રી-કચ્છ, મુંબઈ, અમદાવાદ વગેરે ની અનેક સામાજિક, શૈક્ષણિક, વૈદકીય અને ધાર્મિક સંસ્થાઓને માતબર રકમોનું દાન આપ્યું. દક્ષિણ ભારત કચ્છી વિશા ઓસવાલ જૈન એકમ ની સ્થાપના કરવામાં તેમજ આ.પ્ર. કચ્છી વિશા ઓસવાલ સમાજ ની સ્થાપના કરવામાં તેમણે અગ્રગણ્ય ભાગ ભજવેલ. હૈદરાબાદ - સિકન્દ્રાબાદની આવી લગભગ ૮૦ સંસ્થાઓમાં માતબર દાન આપ્યું એટલુંજ નહિં સાથે સાથે આ સંસ્થાઓમાં અધિકારી પદે તન-મન થી સક્રિય રહી સંસ્થાઓનું સુચારૂ રૂપે સંચાલન કરવામાં મહત્વનું યોગદાન રહયું.

આવા રાહબર, પથદર્શક, દાનવીર, નિખાલસ, સાલસ સ્વભાવના શ્રી ધીરજભાઈ કાપડિયાના જીવન દર્શનમાં અંશો આ પ્રમાણે મુલવી શકાય.

| | | |
|---|---|---|
| ૧) | તેમના પરમ મિત્રો | : સાદગી, સરળતા, સંયમ, સમાજ સેવા સાહસ |
| ૨) | જીવનનું સંતુલન | : ત્યાગ, આત્મ વિશ્વાસ, ઉચ્ચ વિચાર, ઉચ્ચ જ્ઞાન, ખુમારી, વાંચન |
| ૩) | જોજનો દૂર | : અભિમાન, વેરઝેર, છળ કપટ, કાવા દાવા, મોહ, માયા, આળસ, વ્યસન |
| ૪) | સંપૂર્ણ કાબુ | : તન, મન, ઇચ્છા, બુદ્ધિ |
| ૫) | જીવનની ફળશ્રુતિ | : મંગળમય, પ્રેરણાદાયી, શાંતિમય, વાત્સલ્ય પ્રેમ. |

વાત્સલ્ય પ્રેમી, રાહબર, દાનવીર, સાલસ સ્વભાવ ધરાવનાર શ્રી ધીરજભાઇ કાપડિયા ધુપસળી જેવું જીવન જીવી સુકૃત્યોની સુવાસ ફેલાવી તા. ૧-૪-૨૦૧૩ના અરિહંત શરણ પામ્યા.

તેમની અચાનક વિદાયથી હૈદરાબાદ - સિકન્દ્રાબાદ ની સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ વૈદકીય સંસ્થાઓને પૂરી ન શકાય એવી ખોટ પડી છે.

જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુએ અંત નથી પણ આત્મા ને ખોળિયું બદલવાનું વિરામસ્થળ છે. કુદરતના આ સનાતન સત્યને સ્વીકારી, સદ્‌ગત, આત્માના સંસ્કારોનું સિંચન કરી તેમના અધુરા રહેલા કાર્યોને પૂરા કરશું તો સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

પરમ કૃપાળુ પરમેશ્વર તેમના આત્માને ચિર:શાંતિ આપે અને એમના પરિવારજનો ઉપર આવી પડેલ અણધાર્યા દુ:ખને સહન કરવાની શક્તિ આપે એજ પરમ કૃપાળુ પરમેશ્વર પાસે પ્રાર્થના.

### શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ, આંધ્ર પ્રદેશ

| | |
|---|---|
| ઉપ પ્રમુખ:<br>ચીમનલાલ લાલજી ગાલા (છસરા) | માનદ્ મંત્રી:<br>પોપટલાલ કેશવજી છેડા (ગોધરા) |
| ખજાનચી:<br>તલકશી ભાણજી ગડા (લઠેડી) | સહ માનદ્ મંત્રી:<br>દિનેશ કલ્યાણજી ગોસર (વિંઢ) |

કારોબારી સભ્યો : અમૃતલાલ ભાણજી નિશર (વડાલા), તારાચંદ મણીલાલ ધરોડ (પત્રી), મણીલાલ રામજી ધરોડ (પત્રી), વલભજી મેઘજી સાવલા (કેપા), પંકજ હીરજી સાવલા (બેરાજા), મહેન્દ્ર દેવશી વોરા (મુંદરા),
કો-ઓપ્ટ સભ્યો : શ્રીમતિ લીલમબેન ધીરજલાલ કાપડિયા (પત્રી), શ્રીમતિ અવનિ અનિશ છેડા (ગોધરા)
રમણીકલાલ લીલાધર નાગડા (વરંડી મોટી), ચિરાગ રતિલાલ છેડા(લાયજા), હરેશ હેમરાજ દેઢિયા(ગઢસીસા),
આમંત્રિત સભ્ય : હરિલાલ ભીમશી સાવલા (સમાઘોઘા)

(જી. પ.)

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

માવજત સમિતિ તેમજ લાયન્સ ક્લબનાં સૌજન્યથી જે આપણે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ તેમાં આપનો સહકાર મળવા બદલ આભાર. તેમજ સહયોગી ડોક્ટરોએ પોતાનો સમય ફાળવ્યો તેમજ મેડિસિટી હોસ્પીટલ તરફથી ગાયનોકોલોજીનાં ડોક્ટરો નો કચ્છી મિત્ર મંડળ આભાર માને છે. કેમ્પ માં શ્રી હર્ષદભાઈ કુંવરજી ધરોડ તરફથી જે ડાયાબીટીસ ચેકઅપનો પ્રોગ્રામ તેમજ HBAIC ટેસ્ટ જેમાં બોડીનો ત્રણ મહિનાંના એવરેજ ડાયાબીટીઝની સ્થિતીનો ચિતાર આપે છે, તેમજ મેટાબોલિઝમની બોડીનો સ્ટેટસ પણ આપે છે. તે Andhra Pradesh Project Office for Changing Diabetes Berometer તરફથી થયેલ જેની ખાસ નોંધ માવજત સમિતી લે છે, અને તેમનો આભાર માને છે. કચ્છી મિત્ર મંડળના સભ્યોને ખાસ વિનંતી છે કે તેમના પ્રત્યાઘાત આ જાતની હેલ્થ ચેકઅપ એરેંજ કરવા બાબત આપે તો ભવિષ્યમાં આવા હેલ્થ ચેકઅપ અથવા સેમીનાર યોજી શકાય ને બધાને તેનો લાભ મળે.

સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૨) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૩) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ લીધા પછી,** ક્લેમ લેતા પહેલા નીચે જણાવેલ માહિતી જરૂરથી વાંચશો. મેડિક્લેમ લેવા માટે હોસ્પિટલમાં એડમિટ થતાં પહેલા નીચેની બાબતો જરૂરથી ધ્યાનમાં રાખશો.

૧) રુમ, બોર્ડીંગ અને નર્સીંગ માટેના ચાર્જીસ જે હોસ્પિટલ કે નર્સીંગ હોમ દ્વારા લેવામાં આવે છે તે ઈન્સ્યોર્ડ સમનો ૧ ટકા કે એક દિવસનો ખર્ચ એ બેમાંથી જે ઓંછો હશે તે મળશે (Excluding Cumulative Bonus).

૨) ઈન્ટેન્સીવ કેર યુનિટ, (ICU) ઈન્ટેન્સીવ કાર્ડિયાક કેર યુનિટ (ICCU) ના ચાર્જીસ લેવામાં આવે છે તે ઈન્સ્યોર્ડ સમનો ૨ ટકા કે એક દિવસનો ખર્ચ એ બેમાંથી જે ઓછો હશે તે મળશે, Excluding Cumulative Bonus).

૪) **ક્લેમ લેતી વખતે :** ૧) ક્લેમ નો સેટલમેન્ટ પહેલા પેશન્ટના નામથી ચેકથી આપવામાં આવતુ હતું. હવે નવા કાયદા મુજબ ઈન્શ્યુરન્સ કંપની આપણી પાસેથી પેશન્ટના બેન્ક એકાઉન્ટનો એક બ્લેન્ક કેન્સલ ચેક ક્લેમ એપ્લીકેશન સાથે માંગે છે.

# શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા

તન તીરથ, મન મંદિર બનાવ્યું....
ધુપસળી સમ સળગીને જીવન સુવાસિત બનાવ્યું,
ગુણોની હારમાળા ગુંથી... પહેરવાનો વખત આવ્યો... ને મોક્ષમાર્ગે પ્રયાણ કર્યું...
તમારી સ્નેહભરી સ્મૃતિઓ કાયમ સ્મૃતિ પટ પર અંકિત કરી
આપના દિવ્ય આત્માને અસ્તિત્વ સખીઓનાં નમન...

| | | |
|---|---|---|
| હેમા કારાણી | મંજુ સાવલા | કુસુમ રાંભીયા |
| કલ્પા ધરોડ | જ્યોતી મોતા | લતા દેઢિયા |
| રીટા ધરોડ | નીતા માલ્દે | આશા રાંભીયા |
| લીલમ કાપડિયા | ઉર્મિ ધરોડ | લતા મોમાયા |

(હ.મ.)

નોંધ : અગર ચેક ઉપર એકાઉન્ટ નંબર અને નામ પ્રીન્ટેડ ન હોય તો પાસ બુકની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

૨) NEFT થી મોકલવાનું ફોર્મ એપ્લીકેશન સાથે આપવું પડે છે જે આપ કચ્છી ભવનથી એપ્લીકેશન ફોર્મ સાથે લઈ શકશો.

૩) ક્લેમ પેપર્સ દાખલ કર્યા પછી, ૪૫/૬૦ દિવસ ક્લેમ સેટલ થતા લાગે છે જે ધ્યાનમાં રાખવા વિનંતી. તેથી બને ત્યાં સુધી "કેશ લેશ" ક્લેમ સેટલમેન્ટમાં જવું સારું રહે.

**નોંધ :** આપની મેડિક્લેમની જૂની પોલીસીઓ પણ સંભાળીને રાખવી, ક્યારે પણ એની જરૂર પડી શકે છે.

## મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**
સહ સંચાલકો : **હીના હીતેન નાગડા, જયશ્રી ભાવેશ ગાલા**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતીએ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજેલ કાર્યક્રમમાં તા. ૮ માર્ચ ને શુક્રવાર ના સવારનાં ૧૦.૩૦ વાગે થી કચ્છી ભવનમાં આવનાર મહિલાઓના મુખડા, પ્રફુલ્લીત સ્મીત, હર્ષિત હૃદય અને હાસ્યના અનેક રંગોથી ગૂંજી રહ્યો હતો.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે યોજાયેલ Karoake & D.J. Party માં આવનાર બધીજ મહીલાઓનો તથા વિવિધ પ્રતિયોગીતામાં ભાગ લેનાર મહિલાઓનો, અમને રેજીસ્ટ્રેશન કાઉન્ટર થી લઈને ઘણી બધી તૈયારીઓમાં સાથ આપતી આમારા મિત્રો કમીટી મેમ્બર શ્રીમતી હીના હીતેન નાગડા અને શ્રીમતી જયશ્રી ભાવેશ ગાલાનો પણ ખુબ ખુબ આભાર.

મહિલા દિવસના Judges Miss Karishma Aaddhia અને Miss Krushita Aaddhia નો ખુબ આભાર જેમણે Karoake અને બીજી પ્રતિયોગીતાઓનો ખુબજ નિષ્પક્ષ રીતે નિર્ણય કર્યો. શ્રીમતી વિજયાબેન કિર્તી કાપાડીયાનો પણ ખુબ ખુબ આભાર જેમણે વિજેતાઓને સુંદર અને આકર્ષક ઈનામ આપીને અમારો ઉત્સાહ વધાર્યો.

શ્રીમતી શ્વેતા પ્રતાપ જાડેજાનો હાર્દીક આભાર જેમણે સ્વાદિષ્ટ ભોજનની પીરસણી કરી અને છેલ્લે ગુલાબ જામુન ખવડાવીને મહિલા સમિતી એ બધી મહિલાઓનો મોઢું મીઠું કરાવ્યું અને એક ખાસ દિવસ ને યાદગાર અને અવિસ્મર્ણીય બનાવી દીધો.

Karoake માં કુલ 15 Entries લેવામાં આવી અને એની ત્રણ વિજેતા હતી.

૧) કેતકી મોમાયા ૨) દીપ્તી સાવલા ૩) વિધ્યા સાવલા

મહિલા દિવસ ની બીજી હરીફાઈયો ના વિજેતા નીચે મુજબ હતા.

| | | | |
|---|---|---|---|
| ૧) | સાસુ-વહુ | : | શ્રીમતી વિદ્યા સાવલા - દર્શના સાવલા |
| ૨) | દેરાણી-જેઠાણી | | શ્રીમતી પુજા છેડા - મોનીકા છેડા |
| ૩) | કાકી-ભત્રીજી | : | શ્રીમતી લીના સાવલા - મૈત્રી સાવલા |
| ૪) | નણંદ-ભાભી | : | શ્રીમતી આશા રાંભીયા - નીતા વોરા |
| ૫) | મામી-ભાણેજી | : | વૈશાલી રાંભીયા - શીલ્પા કક્કા |

# શ્રદ્ધા સુમન

મનુષ્યગતિમાં
અવતરણ
૭-૮-૧૯૩૮



મોક્ષગતિમાં
ઉર્દ્વારોહણ
૧-૪-૨૦૧૩

# સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા

જીવન રૂપી ઉપવનમાં પુષ્પ બની ખીલી ગયા, થઈને ધૂપસળી સર્વત્ર સુવાસ
પ્રસરાવી ગયા, જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહીં,
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં.

સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના સાથે
**ટી.એલ. કાપડીયા આવાસ ગૃહ ચૈતન્યપુરીમાં રહેતા**
**ભાઈ-બહેનો તરફથી ભાવભીની શ્રદ્ધાંજલી.**

(જા.ખ.)

| | | |
|---|---|---|
| ગં.સ્વ. કસ્તુરબેન એમ. કુરિયા | શ્રી દિનેશ ડી. મૈશેરી | શ્રી કમલેશ બી. લોડાયા |
| શ્રીમતિ મધુબેન ડી. ગાલા | શ્રી કીર્તિ એમ. ગોસર | શ્રી વીરચંદ ડી. મોતા |
| શ્રી લહેરી ડી. ગાલા | શ્રીમતિ દર્શના ચૌહાણ | ગં.સ્વ. સપના એમ. મૈશેરી |
| શ્રી ગીરીશ આર. દંડ | શ્રી અજય ડી. મૈશેરી | શ્રી નરેશ ડી. લોડાયા |
| ગં.સ્વ. નિરંજનબેન ડી. આપ્ટે | શ્રી પ્રતાપ એસ. લોડાયા | શ્રી સુનીલ જે. લાલકા |
| શ્રી લક્ષ્મીચંદ એ. નાગડા | શ્રીમતિ લીના એ. હેણીયા | શ્રી હિરાલાલ એમ. ગાલા |
| શ્રી હેમાંગ એ. મોતા | શ્રી યોગેશ પી. નાગડા | શ્રી કુલીન એમ. છેડા |

| | | | |
|---|---|---|---|
| ૬) | માસી-ભાણેજી | : | સ્મીતા ગોસર - નવલ ગાલા |
| ૭) | ફઈ-ભત્રીજી | : | ભાવના છેડા - ચંદ્રકલા સાવલા |
| ૮) | મા-દીકરી | : | વિજયા કપાડીયા - કવિતા કપાડીયા |
| ૯) | બે બહેનો | : | શીતલ છેડા - કૃપાલી હરીયા |
| ૧૦) | બે વેવાણો | : | મધુ મારૂ - પ્રેમીલા નાગડા |
| ૧૧) | દાદી–પોત્રી | : | લીલાવંતીબેન ભેદા - મૈત્રી ભેદા |

જજેસ તરફથી આપવામાં આવેલ સ્પેશલ ઈનામો

| | | | |
|---|---|---|---|
| ૧) | સાસુ-વહુ | : | ભાવના નાગડા - શુભી નાગડા |
| ૨) | દેરાણી-જેઠાણી | : | કવિતા સંઘવી - નીશા સંઘવી |
| ૩) | કાકી-ભત્રીજી | : | શ્વેતા જાડેજા - અપેક્ષા જાડેજા |

## સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની ૧૧-૩-૨૦૧૩ નાં મળેલ સભામાં ફેબ્રુઆરી ૨૦૧૩ ના ૮ વ્યક્તિઓની આજીવન સભ્ય પદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ ચંદ્રીકા ભરત સાવલા | રાયણ | C/1003/3/13 |
| ૨ | શ્રી ભરત શામજી સાવલા | રાયણ | B/1009/3/13 |
| ૩ | કુમાર નિખીલ મણીલાલ મૈશેરી | મોટી સીંઘોડી | N/1015/3/13 |
| ૪ | શ્રીમતિ શીરીન રજીત મોતા | વારાપધર | S/1012/3/13 |
| ૫ | શ્રી રજીત ભદ્રીચંદ મોતા | વારાપધર | R/1012/3/13 |
| ૬ | કુમાર યોગેશ નરેન્દ્ર મૈશેરી | જખૌ | Y/1002/3/13 |
| ૭ | કુમારી કોમલ તલકશી મારૂ | ગોધરા | K/1019/3/13 |
| ૮ | કુમારી હીરલ જીતેન્દ્ર ગાલા | લાખાપર | H/1017/3/13 |

ઉપરોક્ત સર્વે સભ્યો ને મંડળ વતી હાર્દિક અભિનંદન....

નોંધ : શ્રી કચ્છી મિત્ર મંડળનાં કોઈ પણ સભ્યનું અવસાન થયેથી અને એમનાં પરિવારમાં બીજી કોઈ પણ વ્યક્તિ મિત્રમંડળનાં સભ્ય ન હોય તો એ કુટુંબનાં એક સભ્યને અતિવિશેષ સભ્ય તરીકે લઈ શકાય છે.


*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા. ખ.)

# શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા

**અરિહંત શરણ : ૧-૪-૨૦૧૩**

પરમ કૃપાળુ પરમાત્મા આપનાં આત્માને પરમ શાંતી આપે. જ્યાં જ્યાં હોંશ અને હેતની વાત થાય છે. ત્યાં તમો છો. જ્યાં કોઈને ટેકો દેવાની વાત થાય છે ત્યાં તમો છો એવી ભાવપૂર્વક શ્રદ્ધાંજલિનાં સુમન અર્પણ કરીએ છીએ.

આપને હંમેશ યાદ કરનાર : **શ્રી કચ્છી મિત્ર મંડળ - સ્ટાફ**

| | | | |
|---|---|---|---|
| કનુભાઈ પટેલ | જી. માનય્યા | બી. શંકર | ટી. દુર્ગય્યા |
| પી. ગંગાધર | દત્તગીરી | શીવશંકર | એસ.કે. શબ્બીર |
| નરસીંગ રાવ | પી. બલવંત રાવ | ડૉ. દિપ્તી ભૂતા | ડૉ. સંધ્યા રાણી |
| ડૉ. મીનાક્ષી અગ્રવાલ | | | |

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**શ્રી કચ્છી મિત્ર મંડળના આધારસ્થંભ જેવા, કચ્છી ભવનની સ્થાપનાના મૂળભૂત સ્થંભ સ્વર્ગીય શ્રી ટોકરશી લાલજી કાપડિયા ના જ્યેષ્ઠ પુત્ર સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયાના અચાનક નિધનથી માનવમિત્ર ના સર્વે સભ્યો વતિ તેમના પરિવાર કુટુંબીઓને જે આઘાત લાગેલ છે તેમાં અમે સૌ સહભાગી છીએ. તેમના સામાજીક કાર્યકારણી દરમ્યાન, માનવમિત્ર ને મળેલ સાથ સહકાર-પ્રોત્સાહન અસ્મર્ણીય છે જેને અમે હરહંમેશ યાદ રાખશું. તેમના ચીર-આત્માને પરમકૃપાળુ પ્રભુ શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

જણાવતા હર્ષ થાય છે. કે મૂઠીભર અનાજ યોજના ૮ વર્ષ પુરા કરી ૯ માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ ૮ વર્ષની મંજીલ પુરી કરવા માટે આપ સૌ સભ્યોએ સંપૂર્ણ સહકાર આપ્યો છે, તે બદલ અમે આપના આભારી છીએ. આ માનવ સેવાના કાર્યમાં આપના ઘરના યુવાનોને પ્રોત્સાહન આપવા આપ તેમના નામ વોલીન્ટર તરીકે લખાવવા વિનંતી. પંજાગુટ્ટા એરીયા માટે વોલીન્ટરોની જરૂરત છે તો તે માટે નામ લખાવવા વિનંતી. શ્રી હિતેન સંઘોઈ ફોન : ૯૮૪૯૧ ૬૪૨૨૧ નો સંપર્ક કરવો.

આ ઉપરાંત પ્રતિ વર્ષ મુજબ માનવ સેવા સંઘ સાથે મળી માનવ મિત્ર સમિતિ મૂઠીભર અનાજ યોજના, છાસ વિતરણ યોજના (સ્થળઃ હરિદ્વાર હોટલ સામે) ચાલુ કરેલ છે. એક દિવસનો નકરો રૂ. ૬૦૦૦/- છે. દાતાઓને વિનંતી કે આ માટે શ્રી હિતેન સંઘોઈ ફોનઃ ૯૮૪૯૧ ૬૪૨૨૧ ને સંપર્ક કરે.

**મૂઠીભર અનાજ યોજના :** ગત માસમાં - ૪૦૦ કીલો ચોખા ૬૦ કીલો દાળ - પ્રાપ્ત થયા છે તે ઉપરાંત

| | |
|---|---|
| ૧૦૦ કીલો ચોખા | સ્વ. લક્ષ્મીચંદ મેઘજી નાગડા ની પુણ્યતિથી નીમીત્તે |
| ૧૦૦ કીલો દાળ | શ્રીમતિ રશ્મી મૂકેશ ધરોડ |
| ૨૫ કીલો દાળ | શ્રીમતી કસ્તુરબેન દેવચંદ દેઢિયા |
| ૨૫ કીલો દાળ | એક સદગૃહસ્થ તરફથી |
| ૫૦ કીલો ઉપમા રવા | એક સદગૃહસ્થ તરફથી |

આ અનાજ વિવિધ આશ્રમોમાં વિતરણ થયેલ છે.

**અવસાન નોંધ :**



સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડીયા
ઉ.વ. ૭૫ ગામ પત્રી

હેલિન હસમુખ રતનશી દેઢિયા
ઉ.વ. ૨૯ ગામ બિદડા



સ્વ. મુરજી માવજી ગાલા, ઉ.વ.૭૬ ગામ ડુમરા

ચક્ષુદાન - અંતિમક્રિયા તથા પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા છે.

ઝવેરબેન ઠાકરશી કાકુભાઇ ગાલા ઉ.વ. ૮૦ ગામ દેશલપુર કંઠી અંતિમક્રિયા તથા પ્રાર્થના માટે માનવમિત્ર સહાય થયા છે.

## અનુમોદના

શ્રી તલકશી ભાણજી ગડા, ગામ : લઠેડીના તા. ૨૧-૪-૨૦૧૩ના ૭૧માં જન્મદિન નિમિત્તે ડાયાલીસીસની કાયમી તિથિ માટે રૂા. ૧,૫૧,૦૦૦/- નું માતબર દાન ભગવાન મહાવીર જૈન રિલિફ ફાઉણ્ડેશનને જાહેર કરેલ છે. મંડળ તથા માનવ મિત્ર સમિતિ વતી ખૂબ ખૂબ અભિનંદન...

# ભાવભરી શ્રદ્ધાંજલી

જન્મ
૮-૫-૧૯૮૪



સ્વર્ગવાસ
૧૫-૩-૨૦૧૩

## હેલિન હસમૂખ દેઢિયા

જીવનરૂપી ઉપવનમાં પુષ્પ બની ખીલી ગયો, થઈને ધૂપસળી સર્વત્ર સુવાસ પ્રસરાવી ગયો. જીંદગી એવી જીવી ગયો જે કદી ભૂલાય નહીં, વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં. હજી પણ તારો હોવાનો આભાસ થાય છે, હમણાં બોલશે એવો વિશ્વાસ થાય છે. ધન છે, વૈભવ છે સમસ્ત સુખ છે, પણ જનારો સાજન ન મળે તો જીવનભરનું દુ:ખ છે. પ્રભુ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના...

**શોકાતુર :**

| | |
|---|---|
| ઉર્મિ ધરોડ | હેમા કારાણી |
| મંજુ સાવલા | કુસુમ રાંભીયા |
| જ્યોતી મોતા | વિધ્યા સાવલા, |
| હસુમતી ગડા | વાસંતી નાગડા |

(જા.ખ.)

## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. જાનવરોની વૈયોવચ્ચ | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| શ્રી ગુણ ગુલાબ મંડળ | ૨૫૦ | ૨૫૦ | - | ૨૫૦ | ૨૫૦ | |
| મુનીશ જયંતીલાલ વિસરીયા હઃ જેઠાલાલ હરીયા | ૧૦૦૦ | - | ૨ | - | - | - |
| સ્વ. લક્ષ્મીચંદ મેઘજી નાગડા પુણ્યતિથી નિમીત્તે હઃ શ્રીમતી મોઘીબેન નાગડા | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨૦૦૦ | ૨૦૦૦ | - |
| શ્રુતિ હિતેન સંઘોઈ | ૫૦૦ | - | - | - | - | ૧ |
| હેમલતા ધીરજલાલ વોરા | - | - | ૧ | - | ૫૦૦ | - |
| મીતેશ જગદિશ ગાલા જન્મદિન | - | - | ૧ | - | - | - |
| જૈનીલ પંકજ દેઢીયા | - | - | - | - | ૫૦૦ | - |
| મનહર ચુનિલાલ ગાલા | - | - | - | - | - | ૧ |
| શ્રી તલકશી ભાણજી ગડા જન્મદિન | ૧૧૦૦ | - | ૧,૫૧,૦૦૦ | ૧૧૦૦ | ૧૧૦૦ | ૧ |
| સ્વ. લાલજી રવજી દેઢિયા | ૨૫૦ | ૨૫૦ | ૨ | ૨૫૦ | ૨૫૦ | - |
| રિદ્ધીશ રમેશ લોડાયા જાગીરદાર જન્મદિન નિમિત્તે હઃ જયાબેન લોડાયા | | ૨૫૦ | | | | |

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી વીરબાઈ પાઠશાલા, નાની શાકમાર્કેટ પાસે, પાલીતાણા.

શુભાશીર્વાદ : અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.

દિવ્ય કૃપા : આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ.સા. જયદર્શિતાશ્રાજી મ.સા.(M.Sc., Ph.D.)

આજે સર્વત્ર અસંતોષની આગ સળગેલી છે. જીવો ઘણી જ દોડાદોડ અને ગળાડૂબ સ્પર્ધામા અટવાયેલા છે. જેથી સતત તાણ અને અશાંતિ અનુભવી રહ્યા છે. અમુલ્ય માનવ જીવનને માણવાને બદલે એને ગુમાવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં એક માત્ર જૈન દર્શન અને સમ્યગ્જ્ઞાનની ગંગા ને આપ સહુ ના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય દેવગુરૂની અસીમ કૃપાથી અમે આદર્યું છે.

જિજ્ઞાસુ વ્યક્તિઓને જિનશાસનના અમુલ્ય વારસાનો પરિચય થાય. જિન શાસનના મહામુલા સિદ્ધાંતને જાણી સમજી જીવનમાં ઉતારી સહુ જીવ સાચી સુખ શાંતિને અનુભવે એ એકમાત્ર હેતુથી આગમ જ્ઞાતા-ધ્યાતા પરમોપકારી પ.પૂ. મુક્તિ શ્રીજી મ.સા. ના જન્મ શાતાબ્દિ પ્રસંગે આ શુભ કાર્યનો પ્રારંભ કરીએ છીએ. જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્ન -પત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્ન-પત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે. વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને સમ્યગ્ જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને સમ્યગ્જ્ઞાન પરિચય, અને ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને સમ્યગ્ જ્ઞાન વિશારદ (B.J.) ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (M.J.) અને ડોક્ટરેટ (D.J.) ડિગ્રી પણ મેળવી શકશે. પ્રવેશ પત્ર સ્વીકારવાની અંતિમ તા.૩૦-૪-૨૦૧૩ છે.

હૈદરાબાદ માટે સંપર્ક : રશ્મી રાજેશ લોડાયા, ૦૪૦-૬૬૮૩૬૯૫૪, ૯૮૪૯૩ ૦૩૫૯૫ (જા.ખ.)

# ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ
૮-૫-૧૯૮૪

સ્વર્ગવાસ
૧૫-૩-૨૦૧૩

## હેલિન હસમૂખ દેઢિઆ

જીવનની વસંતમાં, એક પાન ખરી પડ્યું,
ન્હોતું પીળું પડ્યું, ન્હોતું કોઈને નડ્યું
ન્હોતી પાનખર તોય, એક લીલું પાન ખરી પડ્યું.
કુદરતની લીલા છે અપરંપાર
ન કોઈ કળી શકે, ન કંઈ કરી શકે
એક લીલું પાન ખરી પડ્યું.

નયના હસમુખનો નયન તારો, દેઢિઆ ભાવિકોનો દુલારો યાદ આવે છે એ હસતો હેલિન, ને હૈયા વિંધાઈ જાય છે. મામલ માં પ્રત્યેની તારી શું ભક્તિ, વિષાદથી આંખો ભીની થાય છે.

શોકાતુર :
**દેઢિઆ ભાવિક સંઘ**, હૈદ્રાબાદ

(જી.મ.)

# સંસ્થા સમાચાર

❖ **શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) :** અચલગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. તથા વર્તમાન ગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ના આજ્ઞાનુવર્તિની પ.પૂ. વિદુષી સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા અને દીર્ઘ સંયમી પ.પૂ. સા.શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ નું ખામગાંવ (મહારાષ્ટ્ર) થી ઉગ્રવિહાર કરી તા. ૧૫-૪-૨૦૧૩ સોમવારના નગરાગમન પ્રસંગે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.સૌ પ્રથમ પ્રવેશ શ્રેષ્ઠી શ્રાવક શ્રી મણીકાંત મેઘજી મોમાયાના નિવાસ સ્થાન અરિહંત આશિયાના એપાર્ટમેન્ટ, ભૂમન્ના લેન, કાચીગુડા મધ્યે થયું. ત્યાં માંગલિક તથા પ્રવચન કરી પૂજ્યોશ્રીએ શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ, કાચીગુડા મધ્યે પ્રવેશ કરેલ. આ પ્રસંગે સકળ શ્રીસંઘ માટે નવકારશીનું આયોજન શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર તરફથી કરવામાં આવેલ. સંવત ૨૦૬૯ ની ચાતુર્માસ નિશ્રા પૂજ્યોશ્રીની રહેશે.

આગામી ચૈત્રી, શાશ્વતી નવપદ આયંબીલની ઓળી તા. ૧૭-૪-૨૦૧૩ બુધવારથી પૂજ્યોશ્રીની નિશ્રામાં શરૂ થશે. આ સંપૂર્ણ ઓળીના લાભાર્થી શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર ગામ વરાડિયા કચ્છ છે.

❖ **શ્રી આઠકોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ, હૈદ્રાબાદ :** સહર્ષ જણાવવાનું કે ગત વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણ પર્વ દરમ્યાન સામુહિક આરાધના કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવા પ્રયત્નો થઈ રહ્યા છે.

સકળ-સંઘ તરફથી વક્તાઓને અત્રે પધારવા માટેની વિનંતી કરવામાં આવી છે. રવિવાર તા. ૧-૯-૨૦૧૩ સુધી પ્રવચનો ઉપરાંત નાના-મોટા સર્વ માટે વિવિધ આરાધનાઓ થશે. બાળકો માટે જાુદી વ્યવસ્થા કરવામાં આવશે.

પર્યુષણ પર્વનો ઉત્તમ લાભ લેવા દરેક ધર્માનુરાગી ભાઈ-બહેનોને ખાસ વિનંતિ.

❖ **શ્રી સચ્ચાઇ માતા ભાવિક મંડળ :** શ્રી સચ્ચાઇ માતા ભાવિક મંડળ હૈદરાબાદના ઉપક્રમે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી સચ્ચાઇમાતાજી નો સમુહપાઠ તથા પ્રસાદીનું આયોજન રવિવાર તા. ૧૪-૪-૨૦૧૩ નો શ્રી કચ્છી ભવન રામકોટમાં રાખવામાં આવેલ.

❖ **આપણી માતૃભાષા ગુજરાતી શીખવાની ઉજળી તકઃ** આનંદ સાથે જણાવવાનું કે ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાનું દરેક યુવા-ભાઈ-બહેનો તથા ખાસ કરીને બાળકો માટે નક્કી કરવામાં આવેલ છે.

વેકેશનનો લાભ લઈ શકાય એ હેતુથી તા. ૬-૪-૨૦૧૩ શનિવાર સાંજે ૫ વાગ્યાથી ૬ વાગ્યા સુધી અને ત્યાર બાદ દર શનિવાર તથા રવિવારે **શ્રી પ્રવિણભાઈ પાસુભાઈ સાવલા** તેમનાં નિવાસ સ્થાને શિક્ષણ આપશે. આવી ઉજળી તકનો લાભ લેવા સર્વ ભાઈ-બહેનો તથા બાળકોને વિનંતિ.

શ્રી પ્રવિણભાઈ પી. સાવલા, ૮/૧૨, પ્રગતિ સોસાયટી, તિલક રોડ, રામકોટ, હૈદ્રાબાદ ફોન : ૨૪૭૫૮૩૭૧

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ, જીનેશ્વરધામના આ મહિનાના અતિથિ વિશેષ શેઠશ્રી જૈનરત્ન સુરેન્દ્ર લૂણિયાજી છે.

# પ્રથમ પુણ્યતિથીએ આદરાંજલી



## અ.સૌ. ચંપાબેન નવીનચંદ્ર ભેદા, (ભુજપુર)

અરિહંત શરણ તા. ૫-૪-૨૦૧૨

શ્રી નવકાર મંત્ર આરાધક, માયાળુ લાગણીશીલ સ્વભાવ,
સદ્‌ગુણોસભર આત્મબળ, કુટુંબીજનો માટે હૈયે સદૈવ હિત
એવા પુનિત આત્માની પ્રથમ પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલી.
આપનું સ્મરણ, આપે ચિંધેલા રાહ ઉપર ચાલવાની સહુને
સતત પ્રેરણા આપતું રહે.

આપને હંમેશ યાદ કરનાર :

**નવીનચંદ્ર શામજી એવં સમસ્ત ભેદા પરિવાર,** ભુજપુર

**નવીનચંદ્ર હંસરાજ એવં સમસ્ત છેડા પરિવાર,** મો. આસંબીઆ

(જા. ખ.)

# જીવન ચક્ર

## પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| હિરલ નયન મહેન્દ્ર કલ્યાણજી ગંગર | મેરાઉ | હૈદરાબાદ |

## સગપણ

| | | |
|---|---|---|
| મંથન દીપક આશરીયા માલદે | લુણી | હૈદરાબાદ |
| ડૉલી ગીરીશ ભવાનજી નંદુ | રાયણ | પુના |

## લગ્ન

| | | |
|---|---|---|
| દેશના અનિલ મેઘજી નાગડા | વરંડી મોટી | હૈદરાબાદ |
| કેદાર રમેશચંદ્ર ભાણાભાઇ મિસ્ત્રી | બિલીમોરા | મુંબઈ |

## અવસાન/ચક્ષુદાન

| | | |
|---|---|---|
| હેલિન હસમુખ રતનશી દેઢિયા | ઉ.વ. ૨૯ | બિદડા |
| ધીરજલાલ ટોકરશી કાપડીયા | ઉ.વ. ૭૫ | પત્રી |
| મુરજી માવજી પચાણ ગાલા | ઉ.વ. ૭૬ | ડુમરા |

## અવસાન

| | | |
|---|---|---|
| ઝવેરબેન ઠાકરશી કાકુભાઈ ગાલ | ઉ.વ. ૮૦ | દેશલપુર |
| ગીરીશભાઈ પ્રાણજીવન કારિયા | | |



**હાર્દિક અભિનંદન**

**કુ. મોક્ષા હિમાંશુ ધરોડ, ગામ પત્રી**, ઉ.વ. ૮ વર્ષ
અખીલ ભારતીય નાગરિક વિકાસ કેન્દ્ર ઔરંગાબાદ દ્વારા આયોજીત ઓલ ઈન્ડીયા કલરીંગ કોન્ટેસ્ટ માં પ્રથમ સ્થાને ગોલ્ડ મેડલ તથા કલા દર્પણ એવોર્ડ ૨૦૧૨ મેળવેલ છે.



(જા.ખ.)

**હાર્દિક ભાવાંજલિ : સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા** ને જીવન એવું જીવ્યાકે ગુંજી ઉઠ્યું ગુલિસ્તાન મહેક એવી પ્રસરી કે મહેક્યું અમારૂં બાગબાન ભગવાન પણ લલચાઈ ગયા અને એમને પોતાની પાસે બોલાવી લીધા. જાત ઘસીને ઉદાર દિલે બધા માટે જીવ્યા, પરોપકારના કાર્યો વડે ધૂપસળી જેવું જીવન જીવ્યા. આપનો પવિત્ર આત્મા જ્યાં પણ વિચરતો હોય ત્યાં ચિર શાંતિ પામે. શીઘ્ર મહાવિદેહ ગામી બને અને સિમંધર સ્વામીનું શરણુ આપને પ્રાપ્ત થાય એવી અમો સૌ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.લિ. **શ્રી ગુણ ગુલાબ મંડળ**, જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ


**COMPUTERISED HOROSCOPE, MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.**
**DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS**
**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY**
Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**
**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**
**PH: 66780780, 98499 88999 chandraprabhagraphics@gmail.com**
(જા.ખ.)



Logon

**ADVERTISING - DESIGNING - PRINTING -**
**COLOUR PRINTS - FLEX BANNERS - COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.**

**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY**

(જા.ખ.) CONTACT: **PARAS RAMESH JAGIRDAR 66680780, 99499 81999**



## પ્લોટ્સ લેવા – વેંચવા અંગે

**દિવસે દિવસે જમીનના ભાવ વધતા જાય છે. અને જમીન, દૂર દૂર પ્લોટ્સ મળવાના મુશ્કેલ છે. ત્યારે વિજયવાડા રોડની આજુ બાજુ બાટા સિંગારમ, કોદેડા, પેદા અંબરપેટ, હયાતનગર, સાંઘી, રામોજી, તુરકમંજયાલ વગેરે જગ્યાએ જેના પ્લોટ વેંચવા હોય કે ખરીદવા હોયતો સંપર્ક કરો.**

**શ્રી ગુરૂનારાયણ – ૯૩ ૪૮ ૫૮ ૬૮ ૫૫**

(જા.ખ.)



## SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

***New Arrival* : Roasted Kurkure 0% Colestral - Chana Jor, Moong Jor, Masoor Jor, Bajra Masala, Wheat Flakes, Potato Chips, Cheese Balls etc...**

CONTACT : # 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church, Tilak Road, Hyderabad-1

**Ph : NITIN GALA - 99630 10657, SUNITA GALA - 94408 75034**

**BULK ORDER FREE HOME DELIVERY** (જા.ખ.)



**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

# વિવિધા

## પ્રાર્થના

હે પરમાત્મા ! તેં અમને જન્મ આપ્યો એ તારો પરમ ઉપકાર છે. પરંતુ હે કૃપાળુ ! જન્મની સાથે તેં સુખની સાથે દુઃખો અને કષ્ટો પણ અમારા માથે ઝીંકી દીધા, સુંદર શરીરની સાથે રોગોય વળગાડી દીધા. પ્રભુ આવું કેમ કર્યું ? હે દયાળુ ! મારે ફરિયાદ નથી કરવી, પણ હે કૃપાના સાગર ! હું એટલીતો પ્રાર્થના જરૂર કરીશ કે, જ્યારે મને દુઃખો આવે ત્યારે દુઃખને સહન કરવાની શક્તિ આપજે. હે કરૂણા સાગર ! જ્યારે મારા માથે આપત્તિઓ તુટી પડે ત્યારે હું ભય ન પામું તેટલી ધીરજ આપજે ! રોગો અને કર્મોના ઉદયમાં મને સમાધિ આપજે ! વિષમ પરિસ્થિતિમાં તું મને સહાય ન આપે તો કાંઈ નહિ, પણ હે પ્રભુ ! ત્યારે મારૂં મનોબળ તૂટી ન જાય તે જોજે, તું મને તારી ન શકે તો ઠીક પણ તરવાનું બળ આપજે. તું મને પ્રત્યક્ષ દર્શન ન આપે તો પણ તારા દર્શને નિત્ય આવી શકું તેવી અનુકુળતા આપજે, તું મને પ્રેમ કરે કે ન કરે, હું તને પ્રેમ કરૂં તેવી લાગણી આપજે. હે પ્રભુ ! કદાચ કોઈને ઉપયોગી ભલે ન બની શકું પણ કોઈનેય નડું નહિં એવી સમજ આપજે. કોઈના પગમાં પથ્થર ન બનું. કોઈના માર્ગમાં કંટક ન બનું કે કોઈના મનની ચિંતા ન બનું તો બસ.

પ્રભુ ! વધારે શું કહું, મારી પાસે કંઈજ ન બચે તો ચાલશે બસ માત્ર તારૂં સ્મરણ સદા મારા હૃદયના પ્રત્યેક ધબકારે રહ્યા કરે તેવી કૃપા કરજે.

**દિનેશ કલ્યાણજી ગોસર**

## ◆ શાંતિનો પરિવાર - પરિવારની શાંતિ ◆

વિશ્વનું સૌંદર્ય પરિવારથી છે...
વિશ્વની વ્યવસ્થા પરિવારથી છે...
વિશ્વમાં વિકાસશીલતા પરિવારથી છે...
વિશ્વમાં ખીલખીલાટ અને કલબલાટ પરિવારથી છે...
વિશ્વમાં વિવિધતા અને રસમયતા પરિવારથી છે...
વિશ્વમાં સાંત્વન અને આશ્વાસન પરિવારથી છે...
વિશ્વમાં પ્રેમ અને વિશ્વાસ પરિવારથી છે...
વિશ્વમાં હામ અને હિમ્મત પરિવારથી છે...
પરિવાર વિનાના વિશ્વની કલ્પના તો કરી જુઓ...
પરિવાર વિનાનું આ વિશ્વનું સ્વરૂપ કેવું હોત ?
વિકૃત... સ્વાર્થી... પાશવી... ભયંકર... લાગણીહીન...
એના માટે કોઈ શબ્દોજ જડતા નથી.
પ્રેમ... સ્નેહ... લાગણી... સંવેદના...
હેત... હિત... હર્ષ...
સાથ... સહકાર... સત્કાર...
આ બધું પરિવારની દેન છે.

**જયાબેન મગનલાલ મારૂ**










| | | | | | |
|---|---|---|---|---|---|
| **Regular** | **CMS** | **E-commerce** | **Facebook** | **Twitter** | **Company** |
| Websites | Websites | Websites | Fan pages | Fan pages | Brandings |

(જા.ખ.)

## ◆ બે પળ રડીને ◆

બે પળ રડીને તમે, પછી દફનાવી દેશો,
જનાઝો પકડીને તમે, પછી ભૂલાવી દેશો !
પૂછશે હૈયુ તમારું, જંપશે નહી યાદો,
બે આંસૂંડા પાડીને તમે, પછી વહાવી દેશો !
...ઝબકીને જાગશો, ક્યારેક મેઘલી રાતે,
તસ્વીર પકડીને તમે, પછી દબાવી દેશો !
સાલશે ખોટ જરૂર, મહેફિલમાં અમારી,
જામમાં પકડીને તમે, પછી ખપાવી દેશો !
શાંતએ પરોઢ ને, સૂમસામ શેરી હશે,
બંધ ખડકીને તમે, પછી કરાવી દેશો !
રહ્યાં હશે આબાદ, ભાગ્યે સ્મરણો મારાં,
એ પત્રો ઢસડીને તમે, પછી જલાવી દેશો !

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

## જન્મ દેજે

મા તું મને જન્મ દેજે,
તારા હેતનો ખોળો ખુંદવા દેજે
રમી તારા આંગણામાં, પા... પા... પગલી માંડવા દેજે.
પાટી-પેન લઈ હું ભણવા જઈશ,
ઉજળા કરું બંને કુળ એવા સંસ્કાર દેજે.
ન સમજજે તું મને સાપનો ભારો,
વહાલનો દરિયો બની મને ઘુઘવવા દેજે.
જે ન માંગે કરિયાવાર, એવા ખોરડે મને વિદાય દેજે.
સ્ત્રી-ભ્રુણ હત્યાનું પાપ ન કરે કોઈ,
પ્રભુ એવી સૌને સમજણ દેજે.
સમતુલા ન ખોરવાય આ સંસાર તણી,
મા, તું મારી આટલી અરજ તારે કાન ધરજે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

## સિનીયર સીટીઝન – વડિલો જોગ

હૈદ્રાબાદ **GHMC** સિનીયર સીટીઝન માટે આઈ.ડી. કાર્ડ બનાવી આપે છે. કાર્ડ ધારકને કોઈ પણ ગાર્ડન માં ફ્રી એન્ટ્રી આપવામાં આવે છે. જે કોઈ ભાઈ બહેને ૬૦ વર્ષ પુરા કર્યા હોય અને આ કાર્ડ મેળવવું હોય તો સંપર્ક કરો : **શ્રી વલભજી મેઘજી સાવલા, મો : ૯૩૯૦૯ ૯૨૮૧૧** (સૌ.ક.)

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer
**Mehandi & Self Grooming Classes**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27  Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# Ayurvedic (Weight - Loss) Medicine

**20 Days Medicine - Only Rs. 350/-**

Weight loss will be after 20 Days 7 Kg. West Material Discharge.

- ❖ Ayurvedic (Sugar) Medicine 30 Days only Rs. 350/-
- ❖ Ayurvedic (Thyroid) Medicine 20 Days only Rs. 350/-
- ❖ Ayurvedic (Jaundice) Medicine 20 Days only Rs. 350/-
- ❖ Ayurvedi Medicine any (Body pain) 20 Days only Rs. 350/-
- ❖ Medicine (Hight), (Body), (Personality) 30 Days only Rs. 350/-
- ❖ Medicine for (Smoking), (Drinking) and (tubacco Product)
- ❖ Medicine for any Skin deseases
- ❖ Medicine for Hernia Video to DVD

How does work Weight Loss Medicine in 1400 Calary brun after 8 hrs.
No any side effect, Stop All Bakery Items, Chinese Food, Cold Items.

*How do you use this Medicine ?*

After Lunch one by one spoon and after dinner one by one spoon.
Are you use this Medicine after 8 hrs Free Motion Compulsory
Note : Ayurvedic Medicine work like a step by step, but result is 100% Success
Ph : (O)+(Fax) : 040-2460 0553, (R) : 040-2756 4183 **Cell : 93924 18463**

Office Vijay Electric Trading Co.
5-2-999, Nizam Shahi Road
Opp. Seena Hotel or Registration
Near Osmanganj Petrolpump,
Mouzamzai Market Area, Hyderabad.

Res : 3-4-760/1/402, Amrit Chaya Apartment,
Barkatpura Street No. 10,
Opp. Food World Lane, Opp. Andhra Yuvati
School, Near E-Seva, Hyderabad - 500 027

(જા.ખ.)

# ક્રોધ

ક્રોધ એ એક મહા વિનાશક મનોવિકાર સ્થિતિ છે જે બીજાને દઝાડે છે સાથે સાથે પોતાને પણ દઝાડે છે. જૈનોની આ વિષય ઉપર એક સઝાય છે, જેમાં જ્ઞાની ભગવંતો કહે છે-

***કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે, રીસ તણા રસ જાણીએ, વિષ હળાહળ તોલે!***

ગુસ્સો આવવો એ માનવ સ્વભાવની એક સર્વ સાધારણ પ્રકૃતિ છે. આપણા અંદર ધુંધવાતી લાગણીને ઉભરો લાવી બહાર ફેંકી દેતાં, તે તંદુરસ્તીને હાની પહોંચાડતી નથી. પણ ગુસ્સો જ્યારે આપણા નિયંત્રણ બહાર ચાલ્યો જાય છે, ત્યારે તે વિનાશક બની જાય છે. ગુસ્સો આ સ્ટેજ ઉપર પહોંચતા વ્યક્તિને શારિરીક નુકશાન પહોંચાડે છે. સાથે સાથે જીવનમાં અનેક મુશ્કેલીઓ ઉભી કરે છે - ઓફિસમાં, અરસ પરસ સંબંધોમાં તેમજ એકંદરે પોતાની જીંદગી ઉપર પણ બહુજ માઠી અસર કરે છે. એવું લાગવા માંડે છે કે આપણે જાણે અસાધારણ વિનાશક શક્તિને શરણે થઈ ગયા છીએ.

આપણે સહુ જાણીએ છીએ, સમજીએ છીએ કે ક્રોધ કરવો હાનીકારક છે. આપણા સ્વાસ્થ્યને તે નુકશાન કરે છે, મનને કલુષિત કરે છે તેમજ સામે વાળી વ્યક્તિને પારાવાર માનસીક પીડા પહોંચાડે છે. આપણે બધુંય સમજતા હોવા છતાં, ક્રોધ ઉપર અંકુશ મેળવવામાં કેમ નિષ્ફળ જઈએ છીએ ? ક્રોધને કાબુમાં રાખવાની કળા શી રીતે કેળવી શકાય ?

મનોચિકિત્સક ડોક્ટરો કહે છે કે ક્રોધ ઉપર કાબુ રાખવા નીચે જણાવેલ ત્રણ મુખ્ય ઉપાયો અપનાવો :

૧) સામે વાળાની કોઈ વાત અથવા કાર્ય ઉપર ગુસ્સો આવેલ હોય ત્યારે તમારા પ્રત્યાઘાત તુરંત વ્યક્ત ન કરતા સમય લ્યો - ૧ થી ૧૦ અંક ગણો. ગુસ્સાને કારણે આપણી વિચાર શક્તિ રૂંધાઈ ગઈ હોય છે તે સમય મળતા પાછી કાર્યરત થાય છે અને યોગ્ય નિર્ણય લેવામાં મદદ રૂપ થાય છે.

૨) ઉંડા શ્વાસ લ્યો - આ ક્રિયાથી, હૃદય તેમજ ફેફસાની વધી ગયેલ ગતી પાછી નોરમલ સ્થિતિમાં આવશે.

૩) ઘટના સ્થળથી દુર ચાલ્યા જાવ.

ક્રોધ કરવો હમેશા ખરાબ નથી હોતો. જેમ કુશળ ડોક્ટરો અમુક દર્દમાં, પ્રમાણમાં ઝેર આપી દર્દીઓને નિરોગી બનાવે છે તેમ ઘણીવાર ક્રોધ કરવો અનિવાર્ય હોય છે. ક્રોધ કરવાની કળા જાણવા વાળા, ક્રોધ એવી રીતે અને તેટલા પ્રમાણમાં જ કરે છે કે બીજાને જેટલા પ્રમાણમાં દઝાડવા હોય તેટલોજ ઉપયોગ કરે છે, પણ પોતે દાઝતા નથી. ટુંકમાં આપણે સામેની વ્યક્તીને સુધારવા ગુસ્સો બતાવીએ છીએ પણ ખરેખર ગુસ્સે થતા નથી. દા. ત. કોઈ બાળકને ખોટું કામ કરતા રોકવા ગુસ્સો કરવો તે તેને ફક્ત સુધારવા માટેનો જ હોય છે.

**એંગર મેનેજમેન્ટના વિચારવા યોગ્ય પાયાના સવાલો નીચે મુજબ છે જેના જવાબ તમે મેળવી લ્યો તો, ક્રોધ આપો આપ નિયંત્રણમાં આવી શકશે.**

- ❖ શું ગુસ્સો તમારા જીવનમાંના પ્રશ્નોનો ઉકેલ લાવે છે ?
- ❖ શું ગુસ્સો પોતાને તથા અન્યને પીડા, આઘાત, ચીંતા જન્માવે છે?
- ❖ તમારા ગુસ્સાનું મુળ ક્યાં છે અને તમે કેવી રીતે તે જાણી શકો ?
- ❖ તમારો ગુસ્સો સામેની વ્યક્તિના દિલ પર ઘા ના પાડે તે રીતે વ્યક્ત કરવાનો સલામત રસ્તો ક્યો ?
- ❖ તંદુરસ્ત ગુસ્સો કોને કહેવાય ? તમારા લક્ષને સિધ્ધ કરવા ગુસ્સાનો કેવી રીતે ઉપયોગ થઈ શકે ?

**ટુંકમાં કહીએ તો કોઈ પણ ક્ષેત્રમાં ક્રોધ જો તમારા કાબુમાં હોય તો તેના જેવો કોઈ મિત્ર નથી. પણ જો તેને કાબુમાં ન રાખી શક્યા, તો તેના જેવો કોઈ ખતરનાક દુશ્મન નથી.**

**રમેશ એમ. શાહ**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. પ્ર. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. પ્ર.)

# મા બાપને ભુલશો નહી

જગતની સાત અજાયબીઓ બહુ જાણીતી છે. ભણવામાં સાંભળવામાં પણ આવી હશે. તાજમહાલ, એફેલટાવર વગેરે વગેરે, પણ આજના આ કલીયુગના કાળમાં રોજ નવા વૃધ્ધાશ્રમોના ઉદ્‌ઘાટન થાય છે. આપણી આ કેવી પ્રગતિ ? પરંતુ આવા સમયમાં પણ હજી ભારતીય સંસ્કૃતી જાગૃત છે. આજે પણ એવા સુપુત્રો અને પરીવાર છે જે માતાપિતાના અંશ માત્ર ઋણ ચુકવવા ભાગ્યશાળી બને છે. એ આઠમી અજાયબીનું નામ છે.

આજે હૈદરાબાદના આંગણે માતુશ્રી શાંતાબેન હિરજી ગોસર નું જીવતે જગતીયું ઉજવાયું પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ મનાવ્યો બહારગામથી પણ ઘણા મહેમાનો ઉત્સવમાં સહભાગી બન્યા. શાંતાબેનના સુપુત્રો **શ્રી સુરેશભાઈ તથા શ્રી તારાચંદ ભાઈ** અને પરિવારે ખુબજ અહોભાવથી પોતાની માતાનો આ અવસર શોભાવ્યો. શાંતાબેનની રજતતુલા કરી પ્રસંગને ચાર ચાંદ લગાવી દિધા.

માતા શાંતાબેન પણ નામ પ્રમાણે તેમના ગુણો. પોતાની તડકી છાંયડીના દિવસોમાં હસતે મુખે પરિવારનું જતન કર્યું. પોતાના સાસુમાને ખુબ સારી રીતે સંભાળ્યા. શાંતાબેન ક્યારે પણ દુઃખમાં દીન કે સુખમાં લીન બન્યા નથી. એમની રીતભાત વર્તન બધુંજ સાદુ સીધું. હમેશા પ્રવૃત્તીમય, વહેલી સવારે પ્રતિક્રમણ પૂજા, મંડળ વ્યવહારના કામો બધામાંજ એમની હાજરી. અમારા ગુણ ગુલાબ મંડળના ૨૫ વર્ષથી તેઓ સભ્ય છે. તેમણે અમને ક્યારેય શીખામણ નથી આપી પણ માર્ગદર્શન જરૂર આપ્યું છે. મંડળનું કોઈ પણ કામ હોય તો હમેશા હાજર. ના શબ્દ એમના ડિકશનરીમાં નથી. ક્યારે કોઈને ઉંચે અવાજે બોલતા અમે તેમને સાંભળ્યા નથી. હમેશા એમનો એજ રંગ. અંહ, અભિમાન એમનાથી યોજનો દૂર આવા શાંતાબેન શતાયુ જીવો એવી પ્રભુને પ્રાર્થના

ધન્ય માતા - ધન્ય પુત્રો - ધન્ય પરિવાર.

**શ્રી ગુણ ગુલાબ મહિલા મંડળ વતી**
**શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ નાગડા**

# ઋણ મુક્તિ

પિતૃઋણ, ગુરૂઋણ અને વિશ્વઋણ - એ ત્રણ ઋણોનો આપણા સૌ કોઈ પર ભાર છે અને તેનું આપણને ભાન રહેવું જોઈએ અને ક્રમશઃ તેમાંથી મુક્ત થવાનો ભાવ રહેવો જોઈએ અને એ માટે પ્રમાણિક પ્રયત્ન પણ થવો જોઈએ, કોઈને કોઈ રીતે.

દા.ત. પિતાનો સંસ્કાર વારસો શોભાવવો અને સંભાળવો તે પિતૃઋણ મુક્તિ છે. ગુરૂના ઉપકારનો સ્વીકાર કરવો તે ગુરૂ ઋણ મુક્તિ છે અને રોજને રોજ કોઈને યોગ્ય મદદ કરવી તે વિશ્વઋણ મુક્તિનો પ્રયાસ છે. શાળાના શિક્ષક, ધાર્મિક પાઠશાળાના શિક્ષક, કૉલેજના પ્રાધ્યાપક અને આપણને ધર્મબોધ આપનાર ધર્મગુરૂ આ બધાનો આપણા પરના ઉપકારનો સ્વીકાર કરવો. હું તેમની પાસે ભણ્યો - તેમની

**હાર્દિક શ્રદ્ધાંજલિ...**



**સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા** આપના સંસ્કાર વારસો અમારી મૂડી છે. આપની સમાજ પ્રત્યેની ભાવના આદર્શ છે. આપના અમીયલ આશિષ અમારી શક્તિ છે. આપનો આત્મા પરમ પદને પામે એજ પ્રાર્થના.

લિ. **શ્રી શાંતિ ગુણ મહિલા મંડળ**, જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ

શ્રી

# ગરમ ગરમ ઉનાળામાં ઠંડક મેળવો

... મસાલા છાસ

....... પ્લેન લસ્સી

........... સ્ટ્રોબરી લસ્સી

................ પાઈનેપલ લસ્સી

.................... બ્લેક કરન્ટ લસ્સી (કાળી દાક્ષ)

હવે મળે છે છુટક તથા ૧ લીટર પેકીંગમાં

આ બધી લસ્સી એસેન્સ વગર નેચલર ફ્રુટ થી બનાવવામાં આવે છે.

છૂટક તથા જથ્થાબંધ, લગ્ન પ્રસંગે તથા બધા પ્રસંગો માટે.

મેળવવા તથા ઓર્ડર આપવાનું સરનામુ

## Hare Krishna Milk Products

*Opp. Jaiswal Bhavan Lane, Beside Petrol Pump,*
*Narayanguda, Hyderabad*
*Kishore Bhai - 92477 94835*

(જા.ખ.)

પાસેથી શીખવા સમજવા મળ્યું. મારા જીવનમાં તેમના સમાગમથી ઘણો આત્મિક લાભ થયો. આમ વારંવાર કૃતજ્ઞતા પ્રગટ કરતા રહેવું.આપણી આસપાસના જગત પાસેથી આપણે કેટલું બધું મેળવીએ છીએ. એ બધાથી આપણું જીવન ટકેલું છે. આપણી જીવન નૈયા સરળ રીતે તરતી રહે છે. આપણે પણ કોઈને ટેકારૂપ બનીએ તો શુભના વર્તુળમાંથી બીજું વર્તુળ રચાશે અને એ વિસ્તરતું રહેશે.

શાક માર્કેટમાં બનેલો પ્રસંગ છે. શાક માર્કેટમાંથી શાક ખરીદ્યા પછી કાછિયાને પૈસા ચૂકવતી વખતે એક ભાઈને વીસેક રૂપિયા ખૂટ્યા. કાછિયો અને ખરીદનાર ભાઈ બંને એકબીજાથી અજાણ્યા હતા. પૈસા બાકી કેમ રખાય ? ભાઈ મુંઝાતા હતા. ત્યાં બાજુમાં ઊભેલા ભાઈએ સૌજન્ય બતાવ્યું. પોતાની પાસેથી વીસ રૂપિયા આપ્યા. હિસાબ પૂરો થયો.

જેની પાસે પૈસા ખૂટતા હતા એ ભાઈએ પૈસા આપનાર ભાઈનું સરનામું માગ્યું. જવાબ મળ્યો, કાંઈ જરૂર નથી. બીજી કોઈ વ્યક્તિ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તમે પણ આ રીતે મદદ કરજો... આમ પણ ઋણ મુક્તિ થતી હોય છે અને એ ઉત્તમ પ્રકાર છે.

કૃતજ્ઞતા તો ગુણનું ભાજન છે. ગુણ તેમાં ટકે છે, રહે છે અને શોભે છે. આવું રોજ તમારા જીવનમાં પણ બનતું રહો એ જ અંતરની અભ્યર્થના.

સં. : **શાંતિલાલ દામજી ગડા**

***જે વ્યવહાર તમે મા-બાપ સાથે કરશો એજ વ્યવહાર તમારા દીકરા તમારી સાથે કરવાના છે - એ વાત લખી રાખો.***

WE CANNOT TAKE YOU BACK INTO THE ROYAL ERA.
BUT WE SURELY CAN DO THE NEXT BEST THING,
TREAT YOU LIKE ONE.

Enjoy Journey on NEW ERTIGA - A Luxury Family Saloon Car
NEW HONDA CITY - For Self Driving for Daily & Weekends
For Your Driving Pleasure of 'C' Segment Cars

ATITHI
TOURS AND TRAVELS
402, Pearl House, Next to IIPM Tower, Erramanzil-Hyderabad-500 082
Contact TUSHAR KARANI on 92465 91107, 98480 11779

(જા.ખ.)

# ડબલ ધમાકા સેલ....

# વંદના પર્લ્સ ડીલર

**૨ દાયકાથી સંપૂર્ણ વફાદારી થી આપ સૌના સહકાર થી ૨૦ વર્ષ પૂરા કર્યા છે. તેના નિમિત્તે ૨૫ થી ૫૦ ટકા સુધીનું ડીસ્કાઉન્ટ સેલ રાખવામાં આવેલ છે.**

**જે એકદમ જેન્યુઈન સેલ છે.**

**તા. ૧૫ એપ્રીલ ૨૦૧૩ થી તા. ૯-૫-૨૦૧૩ સુધી આ સેલ રાખવામાં આવેલ છે.**

કચ્છીમિત્ર મંડળના દરેક ભાઈ બહેનોને આ સેલનો ફાયદો લેવા હાર્દિક આમંત્રણ.

✓ સી.જેડ નાં પેન્ડેન્ટ સેટ, બુટી, નેકલેસ, બ્રેસલેટ, વીટી બંગડીઓ તથા મોતીસેટ ઉપર ૨૫ ટકા ડીસ્કાઉન્ટ.

✓ એ.ડી. નાં પેન્ડેન્ટ સેટ, બુટી, વીટી, બ્રેસલેટ, મોતી સેટ ઉપર ૩૦ ટકા ડીસકાઉન્ટ

✓ એ.ડી. ના નેકલેસ સેટ ઉપર ૪૦ ટકા ડીસકાઉન્ટ

✓ એન્ટીક સેટ તથા એન્ટીક ૧ ગ્રામ નાં સેટ ઉપર ૫૦ ટકા ડીસ્કાઉન્ટ રાખવામાં આવેલ છે. વધારામાં દરરોજનાં પહેલાં ત્રણ ઘરાકો ને રૂ. ૧૦૦૦/- થી વધુ ખરીદી ઉપર એક એક સેટ ફ્રી આપવામાં આવશે. ઑફર તા. ૬-૫-૧૩ સુધી રાખવામાં આવેલ છે.

આયોજક :

લી. **જીતેન્દ્ર પ્રેમજી ગોગરી**, ગામ નાંગલપુરવાલા

**વંદના પર્લ્સ ડીલર**

સી-૯, રોયલ પ્લાઝા, સુલતાન બજાર, હૈદરાબાદ

ફોન : ૯૨૪૬૩ ૧૯૫૭૫

(જા.ખ.)

SHIKHARJI - GUJRAT DARSHAN - NAGESHWAR / M.P. - PUNJAB DARSHAN

HITESH NAGDA
09892651122

MAHESH DEDHIA
09869616553

SAMbHAV
TOURS & TRAVELS
The Complete Travel Solutions

23, Panchsheel Nagar, S. N. Road, Mulund (West), Mumbai – 400 080.
Tel. : 2569 5289 / 9987827463 Email : sambhavtoursandtravels@gmail.com

શ્રી સમ્મેત શિખરજી

બનારસ, ચંપાપુરી, કોલકત્તા સાથે/સિવાય દિ. ૦૬/૦૮/૧૦/૧૨

પ્રસ્થાન દિનાંક

સપ્ટેમ્બર : ૧૭, ૨૧, ૨૭ ઓક્ટોબર : ૫, ૧૧, ૧૭, ૨૨, ૨૫, ૨૮, ૩૧
નવેમ્બર : ૦૨, ૦૪, ૦૭, ૧૦, ૧૩ ડિસેમ્બર : ૧૮, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૮

ડીલક્ષ યાત્રા, વિશેષતાઓની ઝલક

* નિષ્ણાત રાજસ્થાની રસોયાઓ દ્વારા
* પીવા માટે અમર્યાદિત મિનરલ પાણી
* સ્વતંત્ર રસોડે નિર્મિત
* બસ સફર દરમ્યાન ડ્રાયફુટ / ટાઈમપાસ પેકેટો.
* લગેજ હેન્ડલીંગ
* સવારના બેડ ટી થી રાત્રે મસાલા દુધ સુધીનું બધુજ.
* પંજાબી, સાઉથ ઇંડીયન, ચાયનિજ, ગુજરાતી અને રાજસ્થાની શાહી રજવાડી વાનગીઓનો રસથાળ

PILGRIMAGE TOURS

Shikharji - Rajsthan - Gujrat Darshan - Nageshwar / M.P. - Punjab Darshan
Kutch Darshan - Uttar Pradesh - Hastinapur / Delhi-Agra - Char Dham

FAMILY TOURS

Kashmir - Leh Ladhak - Himachal - Uttaranchal - Sikkim Darjeling - South India
Kerla - Coastal Karnataka - Madhya Pradesh - Rajsthan - Andman - Nepal

આપના સમય અને સ્ટેટસ અનુસાર સંપૂર્ણ ભારત ભરમાં ધાર્મીક/ફેમેલી/કપલ ટુરો ના આયોજક

ગ્રુપ-મંડલ-સંઘ આવકાર્ય

Hyderabad Booking
Deepak Dharod
BHAVNA TOUR & TRAVELS
D, # 1-8-80/1/A, St.No. 11, Chikkadpally, Hyderabad - 20.
Tel.: 9849053458 Email : bhavnatourandtravels@gmail.com

(જા.ખ.)

KERLA - COASTAL KARNATAKA - MADHYA PRADESH - RAJSTHAN - ANDMAN - NEPAL

KASHMIR - LEH LADHAK - HIMACHAL - UTTARANCHAL - SIKKIM DARJELING - SOUTH INDIA

RAJSTHAN - KUTCH DARSHAN - UTTAR PRADESH - HASTINAPUR / DELHI-AGRA

શુભ　　।। અનંત ચૌવિશી જીન નમો ।।　　લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૦૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૦૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦/- માત્ર. મંગલવાર તા. ૨૬-૩-૧૩ ના નામપલ્લી સ્ટેશનથી પ્રયાણ કરી બુધવાર તા. ૨૭-૩-૧૩ શ્રી પેદ તુમ્બલમ તીર્થ ક્ષેત્રે વહેલી સવારે પહોંચીને નવકારશી નિત્યક્રમ પુજાપાઠ પતાવીને સામુદાયીક સ્નાત્ર પૂજા ભણાવેલ ત્યારબાદ બપોરનો ભોજન લઈ બે વાગે ૧૦૮ પાર્શ્વ કલ્યાણક પૂજા શુરૂ થઈ. વિધીકાર શ્રી કુમાર ભાઈ તથા આદોનીના મહીલા મંડળે સુંદર રમઝટ જમાવેલ. પાંચ વાગ્યા સુધી ચાલેલ પૂજામાં તીર્થ ક્ષેત્રે પધારેલ અન્ય યાત્રાળુ પણ જોડાયા પૂજા બાદ ચા નો અસ્વાદ લઈ આદોની રોડની સાત કીલો મીટર અંદર આવેલ ગણેશ મંદીરના ટ્રસ્ટી ગણના પરીવાર જનોએ શ્રી સંઘનું ભવ્ય સ્વાગત કરેલ તથા મંદીરનો મહત્વ સમજાવેલ. ભોજન બાદ આયોજીત ગેટ ટુ ગેધરમાં ટ્રસ્ટી પરિવારના ગૌડ ભાઈઓનો સન્માન કરવામા આવેલ શ્રી ગૌડ પરિવાર શ્રી સંઘના આજીવન સભ્ય શ્રી યતીશ દેસાઈ ના પરમ મીત્ર થાય તથા ઉપરોક્ત કાર્ય શ્રી યતીશભાઈએ જ ગોઠવેલ. સભામાં શ્રી દિવ્ય શ્રાવક સામાયીક મંડલનાં શ્રી પ્રવિણ કારાણી એ સંઘના પ્રત્યેક પ્રવૃત્તીમાં સાથ સહકાર આપવાનો આશ્વાસન આપેલ. યાત્રામાં શ્રી શાંતિગુણ મહીલા મંડળની બહેનો તથા દિવ્ય શ્રાવક સામાયિક મંડળનાં ભાઈઓ જોડાયા હતા.

અગામી કાર્યક્રમનાં રૂપે શ્રી ભાંડકજી તીર્થ યાત્રાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે. શુભ પ્રસ્થાન શનિવાર તા. ૨૯-૬-૨૦૧૩ નક્કી કરવામાં આવેલ છે. રવિવાર તા. ૩૦-૬-૨૦૧૩ ના સંપૂર્ણ દિવસ ભાંડકજી માં આરાધના કરી તેજ દિવસે હૈદરાબાદ પાછો ફરવાનો કાર્યક્રમ નક્કી થયેલ છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૧૦૦૦/- માત્ર રાખવામાં આવેલ છે. **નામો લખાવાની છેલ્લી તારીખ મંગળવાર તા. ૩૦-૪-૨૦૧૩ રાખવામાં આવેલ છે.** વધુમાં વધુ સંખ્યામાં યાત્રીકોએ લાભ લેવા વિનંતી.

બુધવાર તા. ૧૫ જાન્યુઆરી થી મંગલવાર તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૪ સુધી શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. યાત્રા દરમ્યાન અચલગઢ તીર્થ દેલવાડા, દત્તાણી ભેરૂતારક, પાવાપૂરી, જીરાવલા, શ્રી ભીનમાલ જાલોર, જહાજ મંદીર, નાકોડાજી, બાડમેર, જેસલમેર, રામદેવરા, ઓશીયાજી, જોધપૂર, પાલી, રાનીવરકણા, નાડલાઈ, નાડોલ, મુછાળા મહાવીર, કીર્તી સ્થંભ, રાણકપુર એવા અનેક તીર્થ ક્ષેત્ર આવરી લેવાનુ પ્રયત્ન થશે. નકરો વ્યક્તી દીઠ. રૂ. ૯૦૦૦/- રાખવામાં આવેલ છે. નિર્ધારીત ફોર્મ ભરી રકમ સાથે તા. ૧-૮-૨૦૧૩ સુધી નામો નોંધવાના છે. આવા ભવ્ય આયોજન માં ભાગ લઈ પૂણ્યાર્જન કરવા ભાવભર્યું આમંત્રણ છે. આપ સર્વે ભાવિકોના તન-મન-ધનના સહયોગ થીજ આવા ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પડી શકે છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(ગ્રા.મ.)